## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

**પુણ્ય નહિ જાણે કે દેખાડો જ કરતા હોઈએ,**
**એ રીતે જોયા કરીએ : નોંધ લીધી કોઈએ?**

**કોઈના દુઃખ જોઈ બીજું કઈ ભલે ના થાય પણ,**
**આંખમાં મારી જરા ભીનાશ હોવી જોઈએ.**

**વેદનાઓ વ્યક્ત કરતા થાય છે એવુંય પણ,**
**વહાલ તો ના દે ઉપરથી આબરૂ પણ ખોઈએ.**

**ધૂળમાં ઘસડાઈને આવ્યું હશે બહુ દૂરથી,**
**ચાલ આ મેલા સ્મરણને આંસુઓથી ધોઈએ.**

**ચાલ-ચાલાકી થકી તો જિંદગી ચમકી નહીં,**
**એક છેલ્લા ચત્રરૂપે લાગણીથી મોઈએ.**

**કોઈના રૂમાલ ઉપર આપણો કંઈ હક નથી,**
**આંસુ આવે તો જઈ એકાંતમાં ને રોઈએ.**

**જિંદગીની આખી માળા તે ભલે દુઃખથી ભરી,**
**એક સુખ આપે તો એને ફૂમતાંમાં પ્રોઈએ.**

**- વિકી ત્રિવેદી**

### પાથેય

**- રમેશ ઠક્કર**

## પુણ્ય નહીં જાણે દેખાડો જ કરતા હોઈએ...

સોશિયલ મીડિયામાં સરસ? પ્રસંગો? અને બોધકથાઓ મળતી રહે છે.. ઘણીવાર એમાં ઉત્તમ વાતો રજૂ થયેલી જોવા મળે છે.હમણા એક આવો જ મેસેજ જોવા મળ્યો..બહુ રસપ્રદ છે..એના લેખક અજ્ઞાત છે..આવો માણીએ...

પૂનમ પછીના દિવસે એક ભિખારી એક સજ્જન શેઠની દુકાને ભીખ માગવા પહોચ્યો ! સજ્જન શેઠે ભિખારીને ૫ રૂપિયા આપ્યા । ભિખારીને તરસ લાગી હતી તેથી તેણે સજ્જન શેઠ પાસે પાણી માંગ્યું અને કહ્યું શેઠ ગળું સુકાય છે પાણી પીવડાવો અને સજ્જન શેઠે પિત્તો ગુમાવી કહ્યું તારા બાપના નોકર બેઠા છે તો અહીંયા પહેલા પૈસા પછી પાણી થોડી વાર પછી ખાવાનું માંગશે. નીકળ અહીંથી ભાગ !

ભિખારી બોલ્યો - શેઠ ગુસ્સે ના થશો પાણી બીજે કયાંક પી લઈશ. પણ મને યાદ છે કે કાલે પૂનમના દિવસે તમારી દુકાન પાસે તમે શરબત ની સેવાનો કેમ્પ લગાવી બેઠા હતા અને તમે પોતે પ્રેમથી આગ્રહપૂર્વક લોકોને શરબત પીવડાવતા હતા મને પણ આપે બે ગ્લાસ શરબત પીવડાવ્યો હતો. તો મે વિચાર્યુ કે શેઠ બહું દયાળુ અને ધાર્મિક માણસ છે પણ આજે મારો એ ભ્રમ તુટી ગયો કાલે શરબતની પરબ લોકોને દેખાડવા માટે કરી હતી આજે મને કડવા વચન કહી તમે તમારું કાલનું પુણ્ય ખોઈ નાખ્યું. મને ક્ષમા કરજો કાંઈ વધારે બોલાઈ ગયું હોય તો...

સજ્જન શેઠ ને લાગી આવ્યું અને ગઈકાલ નું દ્રશ્ય સામે તરવરવા લાગ્યું અને પોતાની ભૂલનો અહેસાસ થયો પોતે ગાદી પરથી ઉતરી પોતાના હાથે ગ્લાસ પાણી ભરી ભિખારીને પીવડાવી ક્ષમા પ્રાર્થના કરવા લાગ્યા.

ભિખારી - શેઠ મને કોઈ ફરીયાદ નથી પણ જો માનવતાને પોતાના મનની ઉંડાણમાં વસાવી ના શકીએ તો એક બે દિવસના પુણ્ય વ્યર્થ છે. માનવતાનો મતલબ હમેશાં સરળતાથી નિરાભિમાની બની જીવોની સેવા કરવી હોય છે. આપને આપની ભૂલનો અહેસાસ થયો તે તમારા અને તમારા સંતાનો માટે સારી વાત છે. આપનું અને આપના સંતાનોનું હમેશાં સ્વાસ્થ્ય સારું દીર્ધાયુ બની રહે તેવી મંગલકામના કરું છું.કહી ભિખારી આગળ નીકળી ગયો.

## ચંડાળ ચોકડીનો ઈલાજ કરવાનો એક મસ્ત આઈડિયા મને સૂઝી આવ્યો



**સ-રસ**
**મમતા બુચ**

વેકેશનના નામે તરખાટ મચાવનારી આ ચંડાળ ચોકડીનો શું ઈલાજ કરવો એમ હું વિચારતો હતો ત્યાં એક મસ્ત આઈડિયા મને સૂઝી આવ્યો. મેં કહ્યું, “જો તમે બધાં બપોરે બે કલાક ઊંઘી જશો તો સાંજે હું તમને કાંકરીયા ફરવા લઈ જઈશ.” ટોળકી રાજી-રાજી થઈ ગઈ. બે રૂમમાં ડબલબેડ હતા પણ ચારે ય ને સાથે જ ઊંઘવું હતું. એટલે ચારે જણાં જમીન ઉપર પથારી પાથરીને સૂતાં. પણ પરાણે પથારી ભેગાં કર્યાં હોય એમને ઊંઘ ક્યાંથી આવે? ધીમે સાદે થતી એમની ગૂસપૂસ અને હસી-મજાક છેક બીજા રૂમમાં પણ મારા કાને પડતી હતી! મેં એક ઘાંટો પાડ્યો અને એમનો અવાજ બંધ થઈ ગયો. તે પછી હું પણ શાંતિથી સૂઈ ગયો.

દોઢ કલાક પછી મુન્નીએ મારો ખભો ઢંઢોળ્યો, “પપ્પા, ઊઠો ને! કાંકરીયા નથી જવું?” મેં આંખો ચોળી, “હેં? હા, હા, જઈએ ને! ચાલો, બધાં તૈયાર થઈ જાઓ.” એ કહે, “પપ્પા, અમે તૈયાર જ છીએ!” લતાને મેં કહ્યું કે આજે બહાર જમી લેશું એટલે એ પણ ખુશ થતી તૈયાર થઈ ગઈ. મારી અલ્ટો ૮૦૦માં ગમે તેમ ખચાખચ ભરાઈને અમારી સવારી ઊપડી.

કાંકરીયા પહોંચ્યા પછી ખબર પડી કે વેકેશનમાં એ સર્વ બાળપ્રવાસીઓનું યાત્રાધામ બની જાય છે! ગિરદી તો બહુ જ હતી પણ અમે છ જણાં હાથાજોડી કરીને ચાલતાં હોઈએ તો પાછાં સારાં પણ ન લાગીએ ને! પછી હું ને સ્વીટુ ટિકિટ લેવા આગળ ગયાં અને લતા અને બીજાં શેતાનો દૂર ઊભાં રહ્યાં પણ વીસેક મિનિટ પછી અમે જંગ એટલે કે ટિકિટ જીતીને બહાર આવ્યાં ત્યારે એ લોકો ખોવાઈ ગયાં હતાં! બીજી વીસ મિનિટ પછી એ લોકો મળ્યાં ત્યારે હું કંઈ કહું એ પહેલાં જ લતા બોલવા માંડી, “આ મીનુને વોશરૂમ જવું હતું!” મેં કહ્યું, “ઘરેથી જઈને નથી નીકળ્યો?” એ કહે, “ફૂઆ, ઘરેથી જઈને જ નીકળ્યો હતો પણ તમે ટિકિટ લેવા ગયા હતા એટલે મને થયું કે ખાલી ખાલી ઊભા રહેવા કરતાં કંઈક કરવું સારું! ટાઈમ ઈઝ મની, યૂ નો!” મનમાં તો થયું કે આ ફિલસૂફને ગાલે એક ચોંટાડી દઉં પણ પછી સમસમીને મેં અંદર ચાલતી પકડી!

અંદર ઘણી બધી રાઈડ્ઝ હતી અને બધાંને બધાંમાં બેસવું હતું! મેં લતાને કહ્યું, “આ લોકો બધાંમાં બેસવાની જીદ કરે છે પણ એમાં તો મારી પંદર દિવસની કમાણી અને એક આખી રાતનો સમય જતો રહેશે!” લતાએ બાળકોને કહ્યું કે કોઈ પણ ચાર રાઈડ્ઝમાં જ બેસવાનું છે. એટલે એ ચાર રાઈડ્ઝની પસંદગીમાં અંદરોઅંદર ઝઘડા પડ્યા! બે પાર્ટીઓ પડી ગઈ અને સંસદનું તોફાની દ્રશ્ય ભજવાઈ રહ્યું! પછી મેં “વીટો” વાપરીને મારી મરજી મુજબની રાઈડ્ઝ નક્કી કરી નાખી એટલે ક-મને બધાં એમાં બેઠાં!

તે પછી સ્વીટુએ ઝૂ જોવાની જીદ પકડી. મેં કહ્યું, “સાંજ પડી ગઈ છે. ઝૂ હમણાં બંધ થઈ જ જશે.” લતા કહે, “બચારાંઓને જોવા દો ને, ભલે થોડી વાર તો થોડી વાર! આમે ય દિવાળીમાં તમારાં ઘરનાં બધાં ભેગાં થાય છે એટલે વરૂ, રીંછ, શાહુડી એવાં પ્રાણીઓની તો એમને નવાઈ જ નથી! એ બધાં તો એમણે જોયેલાં જ છે!” એટલું કહીને એ ફૂસ-ફૂસ કરતી હસી પડી! પણ મને હસવું ન આવ્યું!

ઝૂમાં અંદર પ્રવેશ્યા પછી ચંડાળ ચોકડીએ જાનવરોની સામે એવા-એવા ચાળા કર્યા કે એ બંને પક્ષોમાં જાનવરોનો ક્યો પક્ષ એ નક્કી કરવું મુશ્કેલ હતું! એક ચિમ્પાન્ઝી તો મીનુને જોઈને લાગણીશીલ થઈ ગયો હતો એવું મને લાગ્યું! મેં મીનુની મજાક પણ કરી, “મીનુ, આ ચિમ્પાન્ઝી તને ઓળખતો લાગે છે! બિચારો તને જોઈને ભાવવિભોર થઈ ગયો છે!” મીનુ પણ ગાંજયો જાય એમ નહોતો. મને કહે, “ફૂઆ, આ ગામ તમારું છે, તમે અમને અહીં લાયા છો અને પાછા એવું કહો છો કે ચિમ્પાન્ઝી મને ઓળખે છે?”

એમ બહુ ધમાચકડી મચાવ્યા પછી ટોળકી થાકી. એકી અવાજે બધાંએ “ભૂખ લાગી છે, ભૂખ લાગી છે”ના પોકારો કર્યા. મેં કહ્યું, “અહીં ઘણા લારી-ગલ્લા છે. બોલો, શું ખાવું છે?” શીલુએ મોઢું બગાડ્યું, “ઊંહ! આવા લારી-ગલ્લાઓમાં તો જમાતું હશે? કશું હાઈજિનિક ના હોય અહીં! બધાં ‘મેકડોનાલ્ડ્સ’માં જઈએ તો? શું કહો છો, ગાય્ઝ?” જવાબમાં “ગાય્ઝે” હર્ષનાદ કરીને એની વાતને વધાવી લીધી! મારાથી લતાને કહેવાઈ ગયું, “બાપે ન મારી મેનકી અને બેટા તીરંદાજ! અહીં મહીનાના છેલ્લા દિવસોમાં વીસ રૂપિયાની પાંચ પકોડીની જગ્યાએ સાત પકોડી મળતી હોય ત્યાં ખાવા જઈએ છીએ અને આને ‘મેકડોનાલ્ડ્સ’માં ખાવાના અભરખા છે! જયંતે એનાં આફતનાં પોટલાં મારા ઘરે મોકલી દીધાં છે અને પોતે સાલો....” લતાનું ગુસ્સાથી તમતમી ગયેલું મોઢું જોઈને મેં ફેરવી તોળ્યું, “આઈ મીન, મારો સાળો પણ જોડે હોત તો બહુ મજા આવત!” પણ લતાનું એ ચઢેલું મોઢું ‘નોર્મલ’ થતાં પોણો કલાક નીકળી ગયો!

અંતે એ સાંજ મને ૨૨૩૦ રૂપિયામાં પડી! એ રાતે છોકરાંઓ તો થાક્યાં હતાં એટલે ઘસઘસાટ ઊંઘી ગયાં પણ મારી ઊંઘ હરામ થઈ ગઈ હતી! મેં લતાને ધીમેકથી કહ્યું, “આ વહાલાં બાળકો આપણે ત્યાં કેટલું રોકાવાનાં છે?” લતાએ એટલી જ ઠંડકથી જવાબ આપ્યો, “જેટલું ગયા વેકેશનમાં તમારી બહેનનાં બે ફરજંદ રોકાયાં હતાં ને એટલું જ!” મેં કહ્યું, “સરસ! હવે મારે એટલું જ કહેવાનું છે કે છાપામાં મારા માટે બીજી નોકરી પણ શોધતી રહેજે કારણકે એક પગારમાંથી તો આ દોઢ મહીનાનું વેકેશન પત્યા પછી મંદિરની બહાર બેસવાના વારા આવશે!” એ સમજી ન શકી કે હું મજાક કરું છું કે સાચે કહું છું!

બીજા દિવસે હું ઓફિસેથી ઘરે આવ્યો ત્યાં મારા પગમાં ડ્રોઈંગરૂમમાં પડેલો સ્ક્રૂ વાગ્યો. મારો ઊંહકારો સાંભળીને લતા કિચનમાંથી દોડતી આવી. મને જોઈને એ બોલી, “આમ તો બધો કાટમાળ મેં બહાર ફેંકી દીધો છે પણ આ સ્ક્રૂ રહી ગયો હશે!” મને ફાળ પડી, “શેનો કાટમાળ?” એ કહે, “આ છોકરાંઓના હાથમાં જૂનો રેડિયો આવી ગયો હતો તે એમને ખોલીને જોવાની મજા આવતી હતી. પણ કોઈકના હાથમાંથી એ પડ્યો એમાં તૂટી ગયો.” મારું મગજ ગરમ થઈ ગયું, “અરે, પણ એ તો સરસ રેડિયો હતો અને ચાલુ હાલતમાં હતો! યાદ છે, આપણે નવાં-નવાં પરણેલાં ત્યારે એ સાથે બેસીને સાંભળતાં? આજકાલ આવા રેડિયો મળે જ છે ક્યાં?” એ કહે, “બધા મોબાઈલ ફોનમાં! હવે વેવલાવેડા છોડો ને જમવા બેસી જાવ!”

પણ હવે મારી સહનશક્તિની હદ આવી ગઈ હતી! મેં લતા સહિત તમામને ધમકાવીને કહી દીધું કે જો હવે જરા સરખો અવાજ કે નુકસાન થશે તો બધાંને ઘરની બહાર કાઢી મૂકીશ! એ પછી હું રેડિયોનો શોક મનાવતો ઘણી વાર સુધી રૂમમાં બેસી રહ્યો!

અર્ધા કલાકની અદભૂત શાંતિ પછી હું બહાર નીકળ્યો. મેં લતાને પૂછ્યું, “કેમ જરા સરખો પણ અવાજ નથી આવતો?” લતાએ ઈશારો કર્યો એ તરફ મેં જોયું તો ચારે ય જણાં ચાર ખૂણામાં ચૂપચાપ માથું નીચું નાખીને બેઠાં હતાં! મેં આંખો ઝીણી કરીને જોયું તો ચારે ય જણાં પોત-પોતાના મોબાઈલ ફોનમાં કંઈક જોવામાં મશગૂલ હતાં. લતા બોલી, “જયંતે મીનુ અને શીલુને મોબાઈલ ફોન લઈ આપ્યા છે. અને આપણા બંનેના ફોન મેં સ્વીટુ અને મુન્નીને આપ્યા છે. એ બહાને બધાં ચૂપ તો રહે!”

હું ધીમે પગલે બાળકો તરફ ગયો. લતા સહિત બધાં મને ભયથી તાકી રહ્યાં. મેં મુન્નીના હાથમાંથી ફોન લીધો, “બેટા, તમારાં તોફાન મને પોસાય છે પણ આ ખતરનાક રમકડાંને આઘું મૂકો. બાળકો તોફાન નહીં કરે તો કોણ કરશે?” મારું ઘર ફરી ચિત્ર-વિચિત્ર અવાજોથી ગાજી ઊઠ્યું!

- mtabuch150@gmail.com

## તમે પ્રેમની વાતો કરજો, અમે કરીશું પ્રેમ



**નખરાળી જિંદગી**
**નિયતી કાપડીયા**

ઉપરની સુંદર પંક્તિ મારા ગમતીલા કવિ શ્રી.સુરેશ દલાલ લખી ગયા છે. એક દિવસ મારું અળવીતરું મન આ સુંદર કાવ્યપંક્તિ વાંચી એનાથી એટલું તો મોહિત થઈ ઉઠ્યું હતું કે મેં તરત જ ચાર ચાર પ્રેમકથા, ચાર લવ સ્ટોરીઝ લખી નાંખેલી. પછીથી જ્યારે પણ એ વાર્તાઓ વાંચી ત્યારે દરેક વખતે મેં મારો પોતાનો ખભો થાબડતા કહેલું, વાહ નિયતી વાહ શું લખ્યું છે પણ આવું બધું સાચુકલી દુનિયામાં શક્ય છે ખરું?

બસ, આ એક વિચાર મને નડતો રહ્યો છે. હું જેવા પાત્રોનું મારી વાર્તામાં સર્જન કરું છું એવા માણસો સાચુકલી દુનિયામાં કશે નથી અને કદાચ ક્યાંક હોય તો હજી એ મને મળ્યા નથી. હું કોઈ ચોરની વાત લખું તો આજ કી તાજા ખબર તરીકે ક્યાંક ચોર જોવા મળી જાય છે. હું કોઈ ખૂની, હત્યારાની વાત લખી નાખું, ગમ્મે એટલો ક્રૂર અને માનવતા વગરનો માણસ મારી વાર્તામાં ચીતરી કાઢું તો ડિટ્ટો એવો જ માણસ મને સાવધાન ઈન્ડિયા કે ક્રાઈમ પેટ્રોલ જેવા શોમાં જોવા મળી જાય છે. કપટી, સાસુ સસરાને પજવતી, પોતાના વરને ત્રાહિમામ પોકારાવતી સ્ત્રી ટીવી સિરિયલોમાં જોવા મળી જાય છે પણ...હું મારી વાર્તામાં વર્ણવું એવા પ્રેમીઓ સાચે ક્યાંય નજરે નથી ચઢતા!

દુનિયામાં પ્રેમ કરવો અને તમે જેને પ્રેમ કરતા હોં એનો જ પ્રેમ પામવો ખરેખર મુશ્કેલ છે. છેલ્લે મેં એવું નક્કી કર્યું કે મારે પ્રેમની લાગણીઓથી ભીની ભીની વાર્તાઓ લખવી જ જોઈએ. બની શકે છે ને કે મારો વાચક કંટાળેલી અવસ્થામાં પોતે પ્રેમમાં પડવાનું જોખમ લેવા ના માંગતો હોય પણ મારી વાર્તા વાંચીને ઘડી બે ઘડી પૂરતું એય પ્રેમમાં પડવાનું સુખ ભોગવી લે. મારા પાત્રોના જીવનમાં આવતા ચઢાવ ઉતાર જોઈ એ પણ એ જ લાગણીમાં તરબોળ થઈ જાય અને જેવું એના સાચુકલા જીવનમાં શક્ય નથી બનતું એવું જીવી લે...અને આવું કરવાનો સૌથી મોટો ફાયદો શું થાય એ ખબર છે?

વાર્તા વાંચતા તમે ભલે ને તમે તમારી પ્રેમિકા માટે તારા તોડી લાવવા ધાબે ચઢીને ભૂસકો મારવા તૈયાર થઈ ગયા હો જેવી ચોપડી બંધ કરો કે તરત જ તમારા ઘરનાં એક ખૂણે પાછા આવી જવાના. પ્રેમિકા ગઈ ચા પીવા એને માટે એમ કંઈ ધાબે ચઢીને ભૂસકો ના મરાય- આવો અફલાતૂન વિચાર કરવાની કે બોલવાની પણ તમને છૂટ મળે છે. મતલબ કે પુસ્તકોમાં લખેલું જીવન વાંચવું, એમાં ડૂબી જવું એ બધું વન ટાઈમ કરેલા નજીવા ઈન્વેસ્ટમેન્ટમાં વારંવાર ટાઈમ ટ્રાવેલ કરવા જેવું છે. ઘડીમાં તમે જાણે બીજા જનમમાં પહોંચી જાઓ છો, જાતજાતની આધિ, વ્યાધી અને ઉપાધિ વચ્ચે ઘેરાઈને સંઘર્ષમય જીવનની મોજ માણો છો અને જ્યારે ઈચ્છા થાય ત્યારે પાછા તમારા ઓરીજીનલ જીવનમાં પાછા ફરી જાઓ છો. મતલબ કે પુસ્તકનું પાનું ખોલો એટલે એક નવી દુનિયા અને પાનું બંધ કરો એટલે પાછા હતા ત્યાં ને ત્યાં...કમાલ છે ને!

ઓ...ઓ...હવે જરાક વાર માટે થોભી જાઓ. જેમાં તમને ખોવાઈ જવાનું મન થાય એવા પુસ્તકો કયા? મસ્ત સવાલ પૂછ્યો ને મેં? આમ તો એવા ઘણા બધા પુસ્તકો તમને મળી આવશે પણ...તમારે જો મારા રચેલા પાત્રોની દુનિયામાં ચક્કર મારવું હશે તો મારી લખેલી વાર્તા જ વાંચવી પડશે ને! હમણાં થોડા દિવસ પહેલાં જ મારી એક નવી નવલકથા પ્રકાશિત થઈને આવી છે એ તમારે વાંચવી જ જોઈએ. નવલકથાનું નામ છે, ‘પ્રીત ના કરિયો કોઈ’ અને એના પ્રકાશક છે નવભારત સાહિત્ય મંદિર. તમારે આ વિશે વધારે માહિતી જોઈતી હોય તો એ તમે ફેસબુક કે ઈન્સ્ટાગ્રામ પરની મારી પ્રોફાઈલ પર જઈ મેળવી શકો છો.

મારી આ નવલકથામાં એક છોકરી છે, આત્મજા. એને પ્રેમ કરવો છે. વરસોથી નવલકથા વાંચીને, ફિલ્મો જોઈને જે એક કાલ્પનિક પાત્રના પ્રેમમાં એ પડી ચૂકી છે એવું જ પાત્ર એને અસલ જિંદગીમાં જોઈએ છે. ઉંમર વધતી જાય છે, ઘરેથી લગ્ન કરી લેવા દબાણ વધતું જાય છે અને આત્મજા મૂંઝાતી જાય છે. એને સમજાતું નથી કે જે વ્યક્તિને તમે સહેજે ઓળખતા નથી, પ્રેમ નથી કરતા એની સાથે લગ્ન કેમ કરી લેવાય? બાકીનું આખું જીવન એક એવી વ્યક્તિ સાથે કેવી રીતે પસાર કરી શકાય જેના ઘરમાં તમે રહો છો પણ હૃદયમાં નહિ.

આ દુનિયામાં સૌ ઈચ્છે છે કે એમને એમનો સાચો પ્રેમ મળી જાય પણ એ પ્રેમ મળશે ક્યાં એ કોઈ નથી જાણતું. આત્મજા પણ નહોતી જાણતી કે એને એનો પ્રેમ ક્યાં અને ક્યારે મળશે. જે માણસ એના સપનામાં આવે છે એવો જ કોઈ હકીકતની દુનિયામાં હશે કે નહિ, કોને ખબર? આખરે એક દિવસ કંટાળીને એ એક નિર્ણય લે છે. એ છોકરી એક કાગળ પર એના પ્રેમીને ઉદ્દેશીને પોતાના મનની વાત લખે છે અને પછી એ કાગળને એક કાચની બોટલમાં ભરી દરિયાને મળવા જઈ રહેલી નદીમાં વહાવી દે છે...

આત્મજાને ખરેખર એમ લાગતું હોય છે કે આ બોટલ જ્યાં જઈને કિનારો પકડશે ત્યાં જ એનો પ્રેમી ઊભો હશે અને એ આ બોટલમાંની ચીઠ્ઠી વાંચતા જ એની પાસે દોડ્યો આવશે. એ છોકરી એના આંગણાની શોભા વધારતી બોગનવેલને કહે છે કે જ્યારે પણ મારો પ્રેમી અહીં આવી ચઢે ત્યારે તું તારામાં એવી મોહિની જગાડજે કે એ તને જોતો અહીં જ ઊભો રહે. હું એને એ અવસ્થામાં જોતા જ ઓળખી જઈશ. એ એના ઘરે આવતા પંખીઓને કહે છે કે જ્યારે પણ એનો પ્રિતમ અહીં આવી બોગનવેલ જોઈ રહ્યો હોય ત્યારે તમે કલબલાટ કરી મેલજો. તમારો એ અવાજ સાંભળી હું બહાર દોડી આવીશ અને મારા પ્રિતમને ઓળખી લઈશ.

ખેર, એ નાદાન છોકરીની અહીં કોઈ ભૂલ નથી કેમ કે એ પ્રેમમાં પડી ચૂકી છે. એ હવે એક એવી દુનિયામાં જીવી રહી છે જ્યાં પહોંચનાર માનવી મગજને તાળું મારી દિલ જેમ કહે તેમ કરવા ટેવાઈ જાય છે. વાર્તામાં આગળ કાગનું બેસવું ને ડાળનું તૂટવું જેવો ઘાટ ઘડાય છે. એ છોકરીના ઘરે એક યુવાન આવીને બોગનવેલ જોતો ઊભો રહી જાય છે. પંખીઓ કલબલાટ કરી મેલે છે. આત્મજા એ યુવકને જુએ છે અને રાજીની રેડ થઈ જાય છે, પછી... હવે આગળનું જાણવું હોય તો મારી આ નવલકથા ‘પ્રીત ના કરિયો કોઈ’ ઓર્ડર કરી લો!

જુઓ હું તમને એમ નથી કહેતી કે તમે પણ આત્મજા જેવું કરો પણ હા, એણે જે કર્યું એ પછી એની સાથે શું થયું, એણે ક્યાં શું ભૂલ કરી કે ક્યાં સાચો નિર્ણય લીધો એ બધું વાંચો અને સમજો. આ નવલકથામાં બીજા પણ બે પાત્ર છે. આખી વાત એ ત્રણ પાત્રોને મોંઢે એમની સમજ મુજબ કહેવાઈ છે અને મને લાગે છે કે તમને એ ત્રણેની વાત સાંભળવાની, અહીં વાંચવાની, ખૂબ મજા આવશે. ક્યાંક તમે ગુસ્સે થઈ જશો કે અરે ઓય આ શું કરે છે તો ક્યાંક તમારી આંખ ભીની હશે...મજાની વાત એ કે આગળ કહ્યું એમ તમે ધારો ત્યારે આત્મજાની દુનિયામાં પ્રવેશ કરી શકો છો અને ધારો ત્યારે એમાંથી બહાર આવી શકો છો, લાઈક અ ટાઈમ ટ્રાવેલ, રાઈટ?

**અમસ્તું,**
શ્રી સુરેશ દલાલની ક્ષમા સાથે-
હું લખીશ પ્રેમની તડકી છાંયડી, તમે કરજો પ્રેમ!

@Niyati Kapadia

## અમુક માણસો ઘેટાં જેવા હોય છે, ચાલતાં તો આવડે પણ પોતાની રીતે નહીં...!!



**લાગણીનો મેળો**
**રસિક વાળંદ**

**ઈશાવાસ્યમ્ ઈદમ્ સર્વમ્ યત્કિંચિત્ જગત્યાંજગત ॥**
**તેન ત્યકતેન ભુંજીથાઃ મા ગૃધઃ કસ્ય સ્વિદ્ધનમ્ ॥ ॥**

● ● ●

**ઈશનું રાજ્ય છે આખું , જે જે જગતી વિશે ,**
**ત્યાગીને ભોગવી જાણો , વાંછો મા ધન અન્યનું .**

● ● ●

એકવાર બોર્ડની પરીક્ષા માટે વિજિલન્સ સ્કવોડમાં જવાનું થયેલું.ત્યારે એક વિદ્યાલયના પરિસરમાં સરસ ભીંત સૂત્રો કંડારેલા.મારા સાથી મિત્રે એક સૂત્ર તરફ આંગળી ચીંધી મને કહ્યું, "સાહેબ, આ ’તેન ત્યક્તેન ભુંજીથા ’- ત્યાગીને ભોગવો - એટલે શું ? " મુસાફરી દરમ્યાન મેં મારી સમજ મુજબ એમની મુંઝવણ દૂર કરવાનો પ્રયાસ કર્યો...એમને સંતોષ પણ થયો.આમેય વિદ્યાલયની દિવાલે કોતરાયેલાં કેટલાંયે સુવાક્યો મોટપણે જ સમજાયાં છે !! મને વિચારવાનો એક નવો વિષય મળી ગયો....

દોસ્તો , વિદ્વાનો માટે જે વાત સહજ હોય તે આપણા માટે તો અઘરી જ ગણાય...એમાયે વેદ - ઉપનિષદની વાતમાં આપણી ચાંચ ન ડૂબે...એના તત્વજ્ઞાનને તાગવાનું આપણું ગજું કેટલું?! છતાં થોડાં છબછબિયાં કરી શકું એથી વિશેષ કંઈ નથી.

ઈશાવાસ્ય ઉપનિષદ કહો કે ઈશોપનિષદ નો આ પ્રથમ મંત્ર...હું તો એને વિશ્વ મંત્ર કહું. જે સમગ્ર વિશ્વના પ્રત્યેક વ્યક્તિને સ્પર્શે એવો છે.

આપણી આસપાસ અને આખી દુનિયામાં ઉંચ - નિચના , ખરાં - ખોટા ના , મારા - તારા ના , નાના મોટા ના...આવા ખોટા ખ્યાલોની ખોટી ખટપટ માનવજાતને પતનના માર્ગે દોરી રહી છે પરિણામે ભ્રષ્ટાચાર ,લાંચરુશવત , લડાઈ ઝઘડા , ટંટા -ફિસાદ,શોષણ બહું ફૂલ્યાં ફાલ્યાં છે.સામાજિક ,ધાર્મિક ,નૈતિક ,આર્થિક સમસ્યાઓ વકરતી જાય છે.ત્યારે આપણો ઋષિ " " ઈશાવાસ્યમ્ ઈદમ્ સર્વમ્ " આ એક જ વાક્યમાં આપણને જીવન બોધ પાઠવે છે , આ સઘળું ઈશ્વરનું છે...ઈશ્વર નિર્મિત છે... આપણું છે શું ? પેલું ભાવ ગીત પણ આવો જ સૂર પૂરાવે છે ,

" આ ઘર નથી તમારું , મહેમાન છો પ્રભુના.
ન કરશો મારું મારું ,મહેમાન છો પ્રભુના...."

છતાં આપણે માલિક હોવાના વહેમમાં મદમાતા થઈ મ્હાલીએ છીએ...એ જ આપણી અજ્ઞાનતા..આજે બહુજન સમાજ દુઃખી,ઉદ્વિગ્ન ને અશાંત જોવા મળે છે તેનું મૂળ કારણ જીવન જીવવાનો ઉદાત્ત દ્દષ્ટિકોણ નથી. જરા એને પૂછો તો ખરા કે ’તું શા માટે જીવે છે? ’પૂ.જેશિંગ બાવજી તો કહેતા ," જાતે ટાઢા પડો ને બીજાને ટાઢા પાડો."

દોસ્તો , ઋષિ આપણને ભોગવવાની મનાઈ ફરમાવતા નથી કે વિરક્ત થવાનું પણ કહેતા નથી.એતો આપણને ત્યાગભાવે ભોગવવાનું કહે છે.મોટે ભાગે ભોગો બે રીતે ભોગવતાં હોય છે એક રાગ ભાવે ને બીજું ત્યાગ ભાવે. રાગી માણસ કૂતરા જેવો સ્વહિતમાં રચ્યો રહેનારો..કૂતરાને રોટલો નાખો ત્યારે પોતાના પગમાં દબાવી રાખે ને આજુબાજુ જુએ કોઈ કૂતરું આવતું દેખાય તો ટુકડો પગ નીચે દબાવીને સામે ભસવા માંડે.. લડે..

એને દૂર ભગાડે પછી જ જંપે..કૂતરું ભલે એની વફાદારી માટે વખણાતું હોય પણ તે એકલપેટું હોય છે. આવા ભોગ દ્દષ્ટિથી રાગ ભાવે જીવનારા આત્મ નિષ્ઠ લોકો પોતાના જ સુખ,શાન્તિ ,સમૃદ્ધિ માટે જીવે.. સાદી ભાષામાં કહીએ તો પોતાના માટે જીવનારા. જ્યારે બીજો એક અલ્પ સંખ્યક વર્ગ કાગડા જેવો છે .કાગડાને ખોરાક નાખીએ ત્યારે એ એકલો ન ખાય પોતાના જાતભાઈઓને કાગારોળ મચાવીને પણ બોલાવે ને સાથે મળીને, ઝઘડ્યા વગર ,સંપીને શાંતિથી આરોગે... આવા ભાવ દ્દષ્ટિથી ત્યાગ ભાવે જીવનારા વસ્તુ નિષ્ઠ લોકો..દાદાજી પણ કહેતા , આપણામાં પણ ઘણા એવા હોય ...સમાજને જીવવું હોય તે જીવે ,મારે તેના માટે મરવાનું કારણ શું ? મારે જીવવું છે સમાજનું થવાનું હોય તે થાય..રાગ ભાવે જીવનારા મદમાં હોય.. ઘેન માં હોય..ત્યાગ ભાવે જીવનારા લોકો એકલા નહીં સૌ સાથે ચાલે...દાદાજી તો એથીયે આગળ ભક્તિ ભાવે જીવવાની વાત કરી છે. આ ઈશ્વરીય સૃષ્ટિ માનવના ઉત્ક્રાંત ને આનંદ માટે છે.એમાં હક દાવો જમાવ્યા વગર જગતની સુખાકારી માટે મમતા - આસક્તિ વગર જે કંઈ મળ્યું છે તે પ્રભુના પ્રસાદ રૂપે ભોગવવું.

આવી સમજણ કેળવીએ તો ક્યાંય કલેશ કષાય રહે ખરો ? આજે તો વ્યક્તિ થી માંડીને વિશ્વમાં બધે જ એકબીજાને હંફાવવા મથે છે. ગજગ્રાહ ને યુદ્ધ -(ઠંડુ યુદ્ધ! ),આતંક વચાળે " માનવતા " બિચારી બની ગઈ છે.ગાંધીજી ની સર્વ ધર્મ સમભાવ ને ટ્રસ્ટી શીપ - વાલીપણા ની વાત પણ આ ઉપનિષદીય વાણીની દ્યોતક છે..એ પણ અહીં યાદ આવે છે.

એક અભ્યાસુ મિત્રે બહું સરસ વાત કરી કે, દુનિયાનો કોઈ ધર્મગ્રંથ બતાવો કે જેની શરૂઆત શાન્તિ મંત્રથી થતી હોય... આપણાં બધાં ઉપનિષદો ’ૐ શાન્તિ : શાન્તિ : શાન્તિ : " નું ગાન ગાતાં રહ્યાં છે. ભારતીય સભ્યતા શાન્તિ પ્રિય છે. " જીવો ને જીવવા દો" એ એનો ધ્યેય મંત્ર છે. મહામનિષીઓ કહે છે, ઉપનિષદ એ philosophy - તત્ત્વજ્ઞાન નથી Life જીવન છે.

**સ્પર્શમણિ :**

**નિદ્રા....મૃત્યુનો રોજિંદો અભ્યાસ છે..!!**

● ● ●

**જગ્યા આપવી અને સ્થાન આપવું એ બંનેમાં બહું મોટો ફરક છે.**

● ● ●

**અમુક માણસો ઘેટાં જેવા હોય છે, ચાલતાં તો આવડે પણ પોતાની રીતે નહીં...!!**

● ● ●

-rasikvaland1965@gmail.com
9913426949